## <u>આંક ૧ હેઠળ હુકમ</u>

સદર કામે **આંક–૪૬ તથા ૪૭**થી રજુ થયેલ નામદાર ગુજરાત હાઇકોર્ટની રીટ વંચાણે લીધી.આ કામના આરોપી નં–૫ જાની ભાવીન રજનીકાંત અને આરોપી નં–૪ બીપીન મણીલાલ મોઢનાઓએ તેઓની વિરુધ્ધ દાખલ થયેલ ગીરગઢડા પો.સ્ટે.ફ.ગુ.ર નં–૨૫/૨૦૧૬ વાળી એફઆઇઆર ક્વોશ કરાવવા અનુક્રમે **ક્રી.મીસ.એપ્લીં નં–૧૨૬૯૩/૨૦૧૬ તથા ક્રી.મીસ.એપ્લી નં–૧૪૪૯૪/૨૦૧૬**થી દાખલ કરેલ. જે નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા નીચે મુજબનો હુકમ કરાયેલ છે.

" Hence,the FIR om question is required to be quashed and set aside.In the result,present applications are allowed. The FIR being I–C.R.No.2 of 2016 registered with Girgadhada Police Station for offences punishable under section 465,471 and 471A of the Indian Penal Code against the present applicants is hereby quashed and set aside along with all consequential proceedings arise out of the said FIR qua present applicants."

આમ, ઉપરોક્ત હુકમ વંચાણે લેતા એ સ્પષ્ટ છે કે, ઉપરોક્ત નંબરવાળી એફઆઇઆર અને તેના અનુસંધાને ઉદભવેલ અનુગામીત કાર્યવાહી ઉપરોક્ત બન્ને આરોપીઓ પુરતી નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ક્વોશ કરાયેલ છે. જેથી હાલના ક્રીમીનલ કેસનું રેકર્ડ ધ્યાને લેતા એ સ્પષ્ટ છે કે, હાલના કેસનું ચાર્જશીટ ગીરગઢડા પો.સ્ટે.ફ.ગુ.ર નં–૨૫/૨૦૧૬ વાળી એફઆઇઆર પરત્વે કરાયેલ છે. જેથી ઉપરોક્ત હુકમ વંચાણે લેતા જ્યારે આરોપી નં–૪ અને ૫ પુરતુ ગીરગઢડા પો.સ્ટે.ફ.ગુ.ર નં–૨૫/૨૦૧૬ વાળી એફઆઇઆર ક્વોશ થયેલ છે ત્યારે સદર કેસની ઇન્સાફી કાર્યવાહી

ક્રીમીનલ કેસ નં–૧૩૩૧/૨૦૧૭

સદર આરોપીઓ વિરુધ્ધ આગળ ચલાવી શકાય નહી. સબબ,ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

સદર કામની ઇન્સાફી કાર્યવાહી **આરોપી નં–૪ બીપીન મણીલાલ મોઢ અને આરોપી નં–૫ જાની ભાવીન રજનીકાંત** નાઓ પુરતી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે

હુકમ આજરોજ તા.૪થી **માહે જુલાઇ સને ૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૪–૭–૨૦૨૨
ગીરગઢડા.

સુનિલકુમાર પ્રાણશંકર દવે
જયુડી. મેજી. ફ.ક. ગીરગઢડા.
( જી.જે ૦૧૩૯૦ )